



પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૧૬ | ૬ જુલાઈ, ૨૦૨૧, મંગળવાર; જયેષ્ઠ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# કેન્દ્રીય મંત્રીમંડળના વિસ્તરણની સંભાવના

**સિંધિયા-અનુપ્રિયા પટેલ સહિત ૧૭ થીરર નવા મંત્રી ઉમેરાશે : ૩ પૂર્વ સીએમ અને એક ડે.સીએમ સહિત યુપી- બિહાર-મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશથી બનશે મંત્રી**

ન્યુ દિલ્હી,તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૭ જુલાઈએ મોદી કેબિનેટનું વિસ્તરણ કરી શકે છે. માહિતી મુજબ, મોદી ૨.૦નું પ્રથમ વિસ્તરણ બુધવારે સવારે ૧૧ વાગે થશે. કેબિનેટમાં હાલમાં ૨૮ મંત્રી પદ ખાલી છે અને જણાવવામાં આવી રહ્યું છે કે ૧૭-૨૨ સાંસદોને મંત્રી પદના શપથ અપાવવામાં આવી શકે છે. સૂત્રો મુજબ મોદીએ ૨ દિવસ સુધી ગૃહ મંત્રી અમિત શાહ અને ભાજપા સંગઠન મહામંત્રી બીએલ સંતોષ સાથે કેબિનેટ વિસ્તાર મુદ્દે બેઠક કરી છે.

મધ્યપ્રદેશ: રાજયમાં ભાજપની સરકાર બનાવવામાં મહત્વની ભૂમિકા નિભાવનાર જયોતિરાદિત્ય સિંધિયા મોદી કેબિનેટના નવા યુવા ચહેરો બની શકે છે. આ ઉપરાંત જબલપુરના ભાજપ સાંસદ રાકેશ સિંહનું નામ પણ છે. મશયપરદેશથી ૧-૨ નામોની ચર્ચા કેબિનેટ વિસ્તાર માટે કરાઈ છે.

બિહાર: લોજપાના સાંસદ પશુપતિ કુમાર પારસ અને ત્નઙ્કેંના આરસીપી સિંહને મંત્રી બનાવવામાં આવી શકે છે. બિહારથી ૨-૩ નામોની ચર્ચા છે.

ઉત્તરપ્રદેશ: અપના દળના અનુપ્રિયા પટેલઉ નામ સૌથી આગળ છે. અનુપ્રિયા ગયા મહીને દિલ્હી જઈને ગૃહ મંત્રી અમિત શાહને મળ્યા હતા. તે ઉપરાંત વરુણ ગાંધી, રમશંકર કઠેરિયા, અનિલ જૈન, રીટા બહુગુણા, ઝફર ઈસ્લામના નામની પણ ચર્ચા છે.

મહારાષ્ટ્ર: મહારાષ્ટ્રથી ભાજપના સાંસદ હિના ગાવિતને કેન્દ્રમાં મંત્રી બનાવવામાં આવી શકે છે. તેમની ઉપરાંત ભુપેન્દ્ર યાદવ, પુનમ મહાજન અને પ્રીતમ મુંડેના નામની પણ ચર્ચા છે.

ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રી તીરથ સિંહ રાવત, આસામના પૂર્વ મુખ્યમંત્રી સર્વાનંદ સોનોવાલ અને મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી નારાયણ રાણેને પણ કેન્દ્રમાં મંત્રી બનાવવામાં આવી શકે છે. તીરથ સિંહ રાવતે ૨ દિવસ પહેલા જ મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપ્યું હતું. આ ઉપરાંત બિહારના પૂર્વ ડેપ્યુટી ઝસ સુશિલ મોદીને પણ મંત્રીમંડળમાં સ્થાન મળી શકે છે.

આ ઉપરાંત લદાખથી ભાજપ સાંસદ જામયાંગ નામગ્યાલ, ઉત્તરાખંડથી અજય ભટ્ટ અથવા અનિલ બાલુની, કર્ણાટકથી પ્રતાપ સિંહા, પશ્ચિમ બંગાળથી જગન્નાથ સરકાર, શાંતનુ ઠાકર અથવા નિસિથ પ્રમાણિક, હરિયાણાથી બ્રિજેન્દ્ર સિંહ, રાજસ્થાનથી રાહુલ કસવાન, ઓરિસ્સાથી અશ્વિની વૈષ્ણવ, દિલ્હીથી પરવેશ વર્મા અથવા મીનાક્ષી લેખીનું નામ પણ શપથ લેનારાઓમાં સામેલ થઈ શકે છે.

હાલમાં મધ્યપ્રદેશથી મોદી કેબિનેટમાં ૪ મંત્રી છે. નરેન્દ્ર સિંહ તોમર, પ્રહલાદ પટેલ, થાવરચંદ

● અનુસંધાન પાન-૭ પર

# વિશ્વમાં ‘વેરિઅન્ટ લેમડા’ના કેસોમાં ચિંતાજનક વધારો

ન્યુ દિલ્હી,તા.૫

લેટિન અમેરિકન દેશ પેરૂથી કોરોના વાયરસનો વધુ એક ઘાતક વેરિઅન્ટ લેમડા ખૂબ જ ઝડપથી દુનિયામાં ફેલાવાનું શરૂ થઈ ગયું છે. અત્યાર સુધીમાં ૨૭ દેશોમાં આ વેરિઅન્ટના મામલામાં સામે આવી ચૂકયા છે. આ કોરોના વેરિઅન્ટમાં ‘અસામાન્ય રીતનું’ મ્યુટેશન છે તેનાથી વિશ્વ સ્વાસ્થય સંગઠનનું ધ્યાન તે તરફ ગયું છે અને દનિયાભરના વૈજ્ઞાનિકોનું ટેન્શન વધી ગયું છે. આ બધાની વચ્ચે અમેરિકાએ કહ્યું કે દેશમાં કોરોનાથી થઈ રહેલા મોતોમાં ૯૯ ટકા એવા લોકો છે જેમણે રસી લીધી નથી.

બ્રિટનના અખબાર ફાઈનાન્સિયલ ટાઈમ્સના રિપોર્ટ પ્રમાણે કોરોના લેમ્ડા વેરિઅન્ટમાં અસામાન્ય મ્યુટેશન જોવા મળ્યા છે. આ વેરિઅન્ટને શરૂઆતમાં ઝ.૩૭ નામ આપ્યું હતું. બ્રિટનમાં પણ આ વેરિઅન્ટના ૬ કેસ સામે આવી ચૂકયા છે. પેરૂના મોલેક્યુલર બાયોલોજી ડૉકટર પાબલો ત્સૂકયામાએ કહ્યું કે ડિસેમ્બર મહિનામાં જ્યારે આ વેરિઅન્ટ પર સૌથી પહેલાં ડૉકટર્સનું ધ્યાન ગયું હતું એ સમયે આ ૨૦૦માંથી માત્ર એક નમૂનો રહેતો હતો.

પાબલોએ કહ્યું કે જો કે માર્ચ મહિના સુધી લીમામાં આવનાર કુલ નમૂનાઓમાંથી ૫૦ ટકા સુધી પહોંચી ગયા અને જૂનમાં આ કુલ નમૂનાઓના ૮૦ ટકા થઈ ગયા છે. તેના પરથી ખબર પડી કે કોરોના વાયરસના અન્ય વેરિઅન્ટની તુલનામાં તેનાથી સંક્રમણ દર ઘણો વધુ છે. અખબારે ઉર્ૐના હવાલે કહ્યું કે પેરૂમાં મે અને જૂન મહિનામાં ૮૨% લોકો કોરોનાના નવા કેસ લેમડા વેરિઅન્ટના છે. એટલું જ નહીં આ વેરિઅન્ટમાં મોતનો દર સૌથી વધુ છે.

**અત્યાર સુધીમાં ૨૭ દેશોમાં આ વેરિઅન્ટના મામલામાં સામે આવી ચૂકયા છે. આ કોરોના વેરિઅન્ટમાં ‘અસામાન્ય રીતનું’ મ્યુટેશન છે**

પેરૂમાં લેમડા વેરિઅન્ટના કહેરથી પાડોશી ચિલી પણ બચ્યું નથી. ત્યાં પણ એક તૃત્યાંશ કેસ આ વેરિઅન્ટના છે. જો કે હજુ ઘણા નિષ્ણાતો એ વાતથી સહમત નથી કે આ વેરિઅન્ટ અન્યની તુલનામાં વધુ આક્રમક છે. તેમણે કહ્યું કે આ વેરિઅન્ટના ઝડપી પ્રસાર પર રિસર્ચ થવું જોઈએ. ભારતમાં પણ અત્યારે લેમડા વર્ઝનના ફેલાવાના



કોઈ પુરાવા નથી. ભારતમાં અત્યારે ડેલ્ટા વેરિઅન્ટ સૌથી વધુ પ્રભાવિત કોરોના વેરિઅન્ટ છે.

આ બધાની વચ્ચે દુનિયામાં હજુ પણ કોરોના રસી મૂકાવવાથી કેટલાંય લોકો બચી રહ્યા છે. અમેરિકાના ટોચના સંક્રમક રોગ નિષ્ણાત ડૉકટર એન્થની ફાઉચીએ જાહેરાત કરી કે દેશમાં કોરોનાથી મોતને ભેટનાર ૯૯.૨ ટકા લોકો એવા છે જેમણે રસી લીધી નથી. તેમણે કહ્યું કે એ ખૂબ જ દુઃખદ છે.

# ઓગસ્ટમાં કોરોનાની ત્રીજી લહેર આવશે, સપ્ટે.માં પિક પર પહોંચશે

**એસબીઆઈ રિસર્ચ દ્વારા પ્રકાશિત રિપોર્ટમાં ચેતવણી : આંકડા અનુસાર ભારતમાં જુલાઈના બીજા સપ્તાહની આસપાસ લગભગ ૧૦,૦૦૦ નવા કેસ સામે આવી શકે, ૨૧ ઓગસ્ટ બાદ ત્રીજી લહેર વધી શકે**

નવી દિલ્હી, તા.૫

એસબીઆઈ રિસર્ચ દ્વારા સોમવારે પ્રકાશિત કરવામાં આવેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ઓગસ્ટમાં દેશમાં કોવિડની ત્રીજી લહેર આવવાની સંભાવના છે અને તે સપ્ટેમ્બરમાં પિક પર પહોંચશે. કોવિડ-૧૯- ધ રેસ ટૂ ફિનિશિંગ લાઈન નામથી પ્રકાશિત રિપોર્ટમાં આગળ ભારતમાં બીજી લહેર વિશે જણાવવામાં આવ્યું અને કહ્યું કે, તે ૭ મેએ પિક પર હતી. ભારતમાં બીજી લહેર એપ્રિલમાં આવી અને મેમાં પિક પર હતી, જેનાથી દિલ્હી, મહારાષ્ટ્ર, કેરલ અને અન્ય રાજ્યોમાં હજારો પરિવાર પ્રભાવિત થયા. રિપોર્ટમાં કહેવામાં આવ્યું કે વર્તમાન આંકડા અનુસાર ભારતમાં જુલાઈના બીજા સપ્તાહની આસપાસ લગભગ ૧૦,૦૦૦ નવા કેસ સામે આવી શકે છે. પરંતુ ઓગસ્ટના બીજા પખવાડિયા સુધી કેસ વધવાના શરૂ થઈ શકે છે. રિસર્ચ બાદ એસબીઆઈએ પોતાના રિપોર્ટમાં કહ્યું કે, ૨૧ ઓગસ્ટ બાદ કોવિડની ત્રીજી લહેર



વધવા લાહશે. લોકોને ચેતવતા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતમાં ઓગસ્ટમાં કોવિડની ત્રીજી લહેર આવશે અને સપ્ટેમ્બરમાં પિક પર આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# કોવિડ-૧૯ની સામેના સંઘર્ષમાં તકનીકની મહત્વપૂર્ણ ભૂમિકા : મોદી

**કોવિન ગ્લોબલ કોન્કલેવમાં વડાપ્રધાનનું સંબોધન : વડાપ્રધાને કોવિન પ્લેટફોર્મને વૈશ્વિક સ્તર પર ઉપલબ્ધ કરાવા કહ્યું, પોર્ટલની સુવિધા અન્ય દેશો માટે ઉપલબ્ધ કરાવવાની મંજૂરી પ્રધાનમંત્રીએ આપી**

નવી દિલ્હી, તા.૫

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કોવિન ગ્લોબલ કોક્લેવમાં સંબોધન કર્યુ અને મહામારી કોવિડ-૧૯ સામે લડવામાં ડિજિટલ પ્લેટફોર્મ કોવિન



ની ભૂમિકાનો ઉલ્લેખ કર્યો. સાથે આ પ્લેટફોર્મને વૈશ્વિક સ્તર પર ઉપલબ્ધ કરાવવાની વાત કરી છે. આ કોક્લેવમાં વર્ચ્યુઅલી કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી હર્ષવર્ધન અને કોવિડ પોર્ટલના સીઈઓ આરએસ શર્મા પણ સામેલ થયા હતા. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું- ભારતીય સભ્યતા દુનિયાને એક પરિવાર તરીકે જુએ છે. આ મહામારી દરમિયાન લોકોએ તેનો અનુભવ પણ કર્યો હશે. તેથી કોવિડ વેક્સિનેશન માટે અમારા ટેક્નીકલ પ્લેટફોર્મ કો-વિનને ઓપન સોર્સ તરીકે તૈયાર કરવામાં આવી રહ્યું છે. પ્રધાનમંત્રીએ કહ્યુ, મહામારીથી છૂટકો મેળવવા માટે વેક્સિનેશન મોટી આશા છે અને શરૂઆતથી ભારતમાં અમે વેક્સિનેશન માટે ડિજિટલ સિસ્ટમનો ઉપયોગ કરવાનો નિર્ણય કર્યો. મહામારી કોવિડ-૧૯ સામે સંઘર્ષમાં તકનીકની મહત્વની ભૂમિકા પર ભાર આપતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યુ કે, અમે જલદી અમારા કોવિડ ટ્રેસિંગ તથા ટ્રેકિંગ એપના ઓપન સોર્સ ઉપલબ્ધ કરાવીશું. હાલમાં આ પોર્ટલની સુવિધા અન્ય દેશો માટે ઉપલબ્ધ કરાવવાની મંજૂરી પ્રધાનમંત્રીએ આપી છે. દુનિયાના સૌથી મોટા વેક્સિનેશન પ્લેટફોર્મ કો-વિનની વૈશ્વિક સ્તર પર પ્રશંસા કરવામાં આવી રહી છે. દેશમાં આ પ્લેટફોર્મ દ્વારા રસીકરણનું કામ ઝડપથી થઈ રહ્યું છે અને હવે તેને દુનિયાના દેશો સાથે શેર કરવામાં આવશે. કોક્લેવમાં ભારત તરફથી મહામારી કોવિડ-૧૯ના બચાવ માટે ઉપયોગ કરવામાં આવી રહેલા ડિજિટલ પ્લેટફોર્મ કોવિનને બીજા દેશો માટે સત્તાવાર આપવાની રજૂઆત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે અન્ય દેશોએ ભારતના કોવિડ પોર્ટલ માટે રૂચિ વ્યકત કરી છે. નેશનલ હેલ્થ ઓથોરિટી અને કો-વિન પ્લેટફોર્મના સીઈઓ આર એસ શર્માએ હાલમાં કહ્યુ હતુ કે કેનેડા, મેક્સિકો, નાઈજીરિયા, પનામા અને યુગાન્ડા સહિત લગભગ ૫૦ દેશોએ પોતાનું રસીકરણ અભિયાન ચલાવવા માટે ડિજિટલ પ્લેટફોર્મ કોવિડને અપનાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે. સાથે તેમણે તે પણ કહ્યું કે ભારત પોતાના સોર્સ સોફ્ટવેરને ફ્રીમાં શેર કરવા માટે તૈયાર છે.

**મહારાષ્ટ્ર વિધાનસભાનું ચોમાસું સત્ર તોફાની બન્યું**

# સ્પિકર સાથે ગેરવર્તણૂક બદલ ભાજપના ૧૨ સભ્યો સસ્પેન્ડ

**ભાજપના નેતા સ્પિકરની કેબિનમાં આવ્યા તેમને અપશબ્દો કહેવામાં આવ્યાનું સ્પિકરે સદનને જણાવ્યું**

મુંબઈ, તા.૫

મહારાષ્ટ્ર વિધાનસભાના ચોમાસું સત્ર દરમિયાન ઓબીસી આરક્ષણ મુદ્દે સ્પીકરની ખુરશી પર બિરાજમાન ભાસ્કર જાધવ સાથે ગેરવર્તણૂક કરવાના આરોપસર ભારતીય જનતા પાર્ટીના ૧૨ ધારાસભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. કાર્યવાહક સ્પીકર ભાસ્કર જાધવે સદનને સમજાવ્યું કે, જ્યારે સદન સ્થગિત થયું ત્યારે ભાજપના નેતા તેમની કેબિનમાં આવ્યા તથા વિપક્ષ નેતા દેવેન્દ્ર ફડણવીસ અને વરિષ્ઠ નેતા ચંદ્રકાંત પાટિલની હાજરીમાં તેમને અપશબ્દો કહેવામાં આવ્યા. કાર્યવાહક સ્પીકર ભાસ્કર જાધવે સંસદીય મામલાઓના મંત્રીને આ મુદ્દે તપાસ કરવા કહ્યું છે.

આ તરફ વિપક્ષે એવો પણ આરોપ લગાવ્યો કે, કાર્યવાહક સ્પીકર ભાસ્કર જાધવે વિપક્ષી દળોના નેતાને પણ અપશબ્દ કહ્યા. હકીકતે બે દિવસીય ચોમાસુ સત્રના પહેલા દિવસે ઓબીસી અનામત મુદ્દે વિપક્ષે સદનમાં હંગામો મચાવ્યો હતો. વિપક્ષનો આરોપ છે કે, કાર્યવાહક સ્પીકર ભાસ્કર જાધવે બોલવા માટે પૂરતો સમય ન આપ્યો. વિપક્ષે કાર્યવાહીનો બહિષ્કાર કર્યો.

વિધાનસભાએ સોમવારે એક પ્રસ્તાવ પાસ કર્યો હતો જેમાં કેન્દ્ર પાસે ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડા ઉપલબ્ધ કરવા વિનંતી કરવામાં આવી હતી જેથી રાજ્ય પછાત વર્ગ આયોગને

● અનુસંધાન પાન-૭ પર





